પારસી નાટક મંડળી.

માટે

કંપનીના મુન્શી

પંડિત નારાયણ પ્રસાદ બેતાબ દેહલવીએ

રચેલા

જહરી સાંપ

નામના નાટકનાં ગાયનો

છપાવી પ્રસિદ્ધ કરનાર

પારસી નાટક મંડળીના માલેકો.

મુંબઈ.

મુંબઈ સમાચાર છાપખાનામાં છાપ્યું.

૧૯૦૬.

કીંમત ત્રણ આના.

મધમાખ છાપ.

અમાલ ગમે તેહ એસોસીએશન

નંબર વન બ્રાંદી.

આ માલ ખુદ દરાખમાંથીજ બનાવેલો છે, એવી ગેરંતી આપવામાં આવે છે, અને તે પીધામાં ગુણકારી અને ફાયદાકારક છે. વીલાયતના સેંકડો રસાયણી તપાસ કરનાર દાકટરોએ એ માલની ઉમદા સરટીફીકેટ આપેલી છે કે "એ બ્રાંડી પીવાથી કોઠાની કબજયાત થતી નથી, માથું દુખતું નથી. તથા વારંવાર પાણી પીવું પડતું નથી. વગેરે."

અમો ખુદ કારખાનાવાળા પાસે એ માલ બહારો બહાર આયાત કરતા હોવાથી એની કીમત પુશકળ સસ્તી રાખી છે, અને બીજા મોંઘી કીમતે મળતા માલ કરતાં એની ખુબી અને ગુણ બારજ છે એમ ખુદ અમારા ઘરાકોનું કહેવું છે.

માલ ન પસંદ પડે તો ખોલેલી બાટલી પાછી.

સર્વે દુકાનો ઉપર બાટલી તથા પાંઈટ મળશે.

પી. સી. સરાફ.

હોલસેલ દારૂનું ગોદાઉન,

નાટકસાળા પાસે, ગ્રાંટરોડ.

આપ જાણતા તો હશો કે?

અમારા ઘરાકોને પણ લાભ મળે છે.

અમારા ઘણી જાતના હાથીછાપના ચાહના ડબાઓ જગપ્રસીધ થયલા છે તેમાં અમારા એજંટોને લાભ મળતો હતો પણ પીનારાઓના લાભ માટે અમોએ ખાસ ઈનામની ટીકીટવાલા ડબાઓ કહાડેલા છે જેમાં નીચે બતાવયા મુજબ અમને ટીકીટો પાછી મોકલી આપનારને ઈનામો આપીશું.

૩	ટીકીટમાં	ઉંચી જાતનું સાબુનું બાક્સ ૧.
૬	”	લવંડરની બાટલી ૧.
૯	”	છત્રી ૧ ઈમીટેશન સીલ્કની.
૧૨	”	સાઈકલ કેપ (ટોપી) ૧.
૧૮	”	ટરાવેલીંગ ત્રંક ૧ સ્ટીલની.
૨૪	”	રાસકોપ સીસ્ટમ ઘડીઆલ ૧.
૩૬	”	” ” ” છેડા સાથે.
૪૮	”	રેલવે રગ ૧.
૧૦૦	”	સોનાનું ઘડીઆલ ૧.

ઉપર બતાવયા મુજબની સંખયામાંની કોઈ પણ સંખયામાં ટીકીટો અમને પાછી મોકલનારને કાંઈપણ વાંધા વગર તેને ઈ ામ મોકલી દેવામાં આવશે.

ચાહના નામ		કીમત
ગોલ્ડન મોહર	(પીળી ટીકીટ)	૧—૦—૦
ઓલ્ડ ગોલ્ડ	(બલુ ટીકીટ)	૦—૧૪—૦
સીલ્વર મોહર	(લાલ ટીકીટ)	૦—૧૨—૦

આ ડબાઓ દરેક વેપારીને ત્યાંથી એજ ભાવે મલશે.

TRADE MARK

એમ. ઓ. રાજીવાલા,

મસજીદબંદર રોડ અને નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ.

જોશી કુ૦ નું

હાથનું બનાવેલું

સુરતી ગરભસુત હરીઆ મોજા વીગરે

રેશમી તથા જરીનું કાપડ તેમજ

ડગલા સારૂ ચોખાં રેશમનું

ટકાઉ સુરત સીલ્ક જથા

બંધ તથા છુટક

વેચનાર

કેખશરૂ સોરાબજી જોશી

ના૦ ૩૪૦ પોસ્ત આફીસની પાસે

ગ્રાંટ રોડ મુંબઇ.

નાટકનાં પાત્રો.

પુરૂષ પાત્રો.

સુલ્તાને અવધ .... અવધ દેશનો શહેનશાહ.

બાકર .... પોતાના માલિક બાકરનું ખૂન કરીને સલ્તનત પચાવી બેઠેલો પટનાનો નવાબ.

શરીફ,
કેયૂમ
આરિશ } .... બનાવટી નવ્વાબના પ્રપંચી સાથી.

સલીમ .... પટનાના હક્દાર માલિક બાકરનો નાનો બેટો, બાપના ખૂનની ખબર ન હોવાથી નવ્વાબનો થઈ રહેલો વફાદાર ખજાનચી અને મામૂનાનો ભરથાર.

નાહરસિંહ.................. સાચા નવ્વાબનો વડો દીકરો યાસીન બિન બાકર તે પોતાના બાપના ખૂનનું વૈર લેવાને થએલો ડાકૂઓનો સરદાર.

અકબર.................... પટનાના મર્હૂમ સાચા નવ્વાબનો નિમકહલાલ નોકર.

અજીજ .... અકબરનો દીકરો. ચમેલીનો આશક.

બહેરામખાં .... પટનાનો માજી વજીર. બનાવટી નવ્વાબનો સસરો.

હમીદ .... બહેરામખાંનો દીકરો. અકબરીનો આશક.

દૂલ્હામિયાં
કબૂતર બાજ } .... કલકત્તાનો એક મુફલિસ બોલીદરાજ પંચી કુલ્સૂમનો જૂનો આશક.

બદલૂ .... બહેરામખાંનો ડરપોક નોકર.

ડાકટર ગુલામ જીલાની: ... બાંકીપૂરનો રહેવાસી બર્દવાનનો સિવિલ સરજીયન.

કમર .... પટનાના ફરેબી નવ્વાબનો દીકરો.

નસીર .... બાંકીપૂરનો એક સાધારણ નિવાસી અને ખુરશીદનો ભરથાર.

વજીર, દરબારી, નોકર, સિપાહી, પોસ્ટમેન, ડાકૂ વગેરે વગેરે.

સ્ત્રી પાત્રો.

બેગમ .... પટનાના ફરેબી નવાબની રાણી. બહેરામ ખાંની છોકરી.

ખુરશીદલકા.............. પટનાના સાચા નવાબની શાહજાદી અને પાછલથી નસીરની પરણેતર.

મામૂના...................... શરીફની દીકરી અને સલીમની ઔરત.

ચમેલી .... શરીફના પિતરાઈની છોકરી, પાછળથી અકબરના પુત્ર અઝીઝની મોહરદાર.

ડાલી .... એક ભલી દાસી.

કુલસૂમ .... બહેરામખાંની વિધવા બહેન. પાછળથી દૂલ્હા મિયાંની નિકાહની ઔરત.

અકબરી .... ડાકટર ગુલામ જીલાનીની છોકરી અને હમીદની માશૂક.

અઝુબન .... ડાકટર ગુલામ જીલાનીની બીબી અને અકબરીની મા.

દાસીઓ, સહેલીઓ, નાચનારીઓ વગેરે વગેરે.

બનામે ખુદા.

પાછલો જમાનો.

આજથી સાઠ સીત્તેર વર્ષ પહેલાંની વાત છે, કે જ્યારે અંગ્રેજોનું રાજ્ય હતું ખરૂં, પણ તે વેપારીનાં રાજ્યને નામે ઓળખાતું હતું. સાર એટલોજ કે મહારાણી વિક્ટોરીયાના ઢંઢેરા કરતાં થોડાંક વર્ષ પહેલાંનો બનાવ તે આપણા નાટકનો પ્લોટ છે. તે વખતે બાકુર નામના એક બહાદુર સિપાહસાલારને, કેટલીક લડાઇઓમાં ફતેહ મેળવી સલ્તનતની સેવા બજાવવા માટે, અવધના સુલ્તાન તરફથી પટનાની જાગીર ઇનામ તરીકે આપવામાં આવી હતી.

જ્યારે બાકુર સિપાહસાલાર પોતાના બાકુર શરીફ, આરિફ અને કુૈયુમ; નામના ચાર ગુલામો તથા અકબર નામના વૃદ્ધ વફાદાર નોકર કે જેની સાથે તેનો અજીજ નામનો બાળક બેટો પણ હતો અને યાસીન તથા સલીમ નામના પોતાના બે બેટાઓ અને ખુર્શીદ નામની એક બેટીને સાથે લઇ પોતાને ઇનામ મળેલી જાગીરનો કબજો લેવા પટના તરફ જતો હતો. માર્ગમાં ખંધા અને લુચ્ચા ગુલામ બાકુરની પોતાના માલિકનો હમનામ હોવાથી દાનત ફરી. તેણે શરીફ, આરિફ, તથા કુૈયુમને પોતાના પક્ષમાં મેળવી લીધા. અને પોતાના નોકરો ઉપર વિશ્વાસ રાખી, ભયાનક જંગલમાં છાવણી નાખી ઉંઘમાં પડેલા પોતાના શેઠનું ખૂન કરી ઇનામી પરવાનો ચોરી લીધો. પરંતુ તેઓની ખૂનામરકી એટલેથીજ અટકી નહીં. તેઓએ જાણ્યું કે સલીમ અને ખુર્શીદ તો બાળક છે પણ યાસીન કંઇ બાળક નથી તેમજ વફાદાર નોકર અકબર પણ આ હરામનો માલ સહેલાઇથી પચવા દેય તેમ નથી તેથી યાસીનને જખમી કરી, મરી ગએલો જાણી, એક કુવામાં ફેંકી દીધો અને અકબરને ઠાર કરવા તેના તંબુમાં પેઠા, પણ પોતાના શેઠનાં ખૂનની ગરબડથી જાગી ઉઠેલો અકબર પોતાના બાળક બેટા અજીજને લઇ પહેલેથીજ છટકી ગયો હતો. તેથી તેઓ નિરાશ થઇ પાછા ફર્યા અને બીજે દિવસે સલીમ અને ખુર્શીદને સાથે લઇ પટના તરફ રવાના થયા. અને શાહી પરવાનાના બળથી બાકુર ગુલામ પટનાનો નવાબ બાકુર બન્યો. માજી

વજીર બહેરામખાંને બદલે કપટી ગુલામ શરીફ પટનાનો વજીર થયો. ખરા હકદાર બાકરનાં બચ્ચાંઓ સલીમ અને ખુર્શીદ નવાબના કોઇ દોસ્તનાં બચ્ચાં તરીકે રાજમહેલમાંજ પળાવા લાગ્યાં.

નિમકહરામ ગુલામોના હાથમાંથી છટકી જવા પામેલા વફાદાર નોકર અકબરે તેઓના જવા પછી દફનાવવાના ઇરાદાથી યાસીનને કુવામાંથી બાહર કાઢયો, તો તેણે જાણ્યું કે તે હજુ જીવતો છે, તેથી દવા કરી તેને સારો કર્યો. આ બનાવ બનવા પછી થોડાજ વખતમાં બાકરને ઇનામી જાગીર આપનાર અવધનો સુલ્તાન મરણ પામ્યો અને તેને બદલે તેનો પુત્ર ગાદીએ બેઠો એટલે યાસીનની તે તરફની ઇન્સાફ મેળવવાની આશા પડી ભાગી તેથી યાસીન માણસો એકઠાં કરી પટનાના નવાબ સામે બહારવટું ખેડે છે. પટનાના નવાબને છેતરવા માટે યાસીને પોતાનું ખરૂં નામ બદલી હીંદવાણી નામ નાહરસિંહ રાખ્યું છે.

ખરા હકદાર નવાબ બાકરનું ખૂન થયાને બાર વર્ષ થઇ ગયાં છે. તેનો બેટો સલીમ પણ હવે ઉમ્મર લાયક થયો છે કે જેને બનાવટી નવાબ ગુલામ બાકરે શરીફની બેટી મામૂનાની સાથે પરણાવી ચાલાકી જોઇ પોતાનો ખજાન્ચી બનાવ્યો છે. પોતાના ગુણોથી સલીમ પ્રજાને તાજ વિનાનો રાજા બની રહયો છે. જેને આજ દિવસ સુધી છોકરીનાં લાડથી ઉછેરી છે તે ખુર્શીદ પણ હવે જુવાનીમાં આવતાં ગુલામ બાકર તેનું રૂપ જોઇ ઘેલો બન્યો છે. પરંતુ તેને બાપ તરીકે ચાહતી ખુર્શીદ તેના તે ભાવ માટે ધિક્કારે છે.

આ પ્રમાણે એક તરફથી ખુર્શીદનો ઇન્કાર, બીજી તરફથી લુટારા નાહરનો ડર, પ્રજાનો પોતા તરફ ધિક્કાર અને સલીમ ઉપરનો પ્યાર વગેરેથી છંછેડાએલા "જહેરીસાંપ" બાકરનો રાજ્યકાળ તે આપણા નાટકની શરૂઆતનો વખત છે.

નાટકનો ટૂંકસાર.

ઇશ્વર સ્તુતિ.

અંક પહેલો. પ્રવેશ ૧.

પોતાના બાપનું વેર વાળવાના કસમ ખાતો નાહર એક પર્વતની ગુફામાં ઉભો રહેલો દેખાય છે; કે જે હવે એક બળવાન લુટારા તરીકે

પ્રખ્યાત થયો છે. તે પોતાના બાપની ખોપરીના કસમ લઇ નવ્વાબની હીલચાલ તપાસવા પટના તરફ જાય છે.

અંક પહેલો પ્રવેશ ૨.

પટનાનો થઇ પડેલો નવ્વાબ બાકર તથા તેના મળતીઆઓ શરીફ, આરિશ અને કુલૂમ પ્રજામાં પ્રિય થઇ પડેલા ખજાન્ચી સલીમનો ઘાટ ઘડવાની તથા નાહરને તાબે કરવાની અને ખુર્શીદને આડે રસ્તે ઉતારવાની મસલત કરતા દેખાય છે. નાહર નદી માર્ગે ચુપકીદીથી દાખલ થઇ તેમની મસલત સાંભળે છે. કેટલીક મસલત કરી તેઓ ચાલ્યા જાય છે. ત્યારપછી ખુર્શીદ સાથે તેને ફુસલાવવા નવ્વાબે નીમેલી બે દાસીઓ આવે છે. તેઓની વાતોથી કાયર થઇ ખુર્શીદ ચાલી જાય છે જેથી દાસીઓ પણ નીરાશ થઇ ચાલી જાય છે. દાસીઓના જવા બાદ ખુર્શીદને ધીરજ દેતી બેગમ પ્રવેશ કરતી દેખાય છે. બેગમ ખુર્શીદને ધીરજ આપી ગુપ્ત રીતે પોતાને પીયર મોકલી આપવા કહે છે અને ખુર્શીદને ત્યાંજ રહેવા દઇ તેનો બંદોબસ્ત કરવા જાય છે તેટલામાં નવ્વાબ દાખલ થઇ પોતાની પાપી માગણી કરી નીચ લાલચો બતાવે છે. પવિત્ર ખુર્શીદ તેને ધિક્કારી ખુદાનો ખોફ કરવા કહે છે હવસથી ઘેલો થએલો નવ્વાબ 'ખુદા એ બે, દાલ, અલિફની જોડણી શિવાય બીજું કંઈ નથી' એવો નીચ જવાબ આપે છે. અંતે ખુર્શીદના જવાબોથી છંછેડાએલો નવ્વાબ તેના ઉપર જબરદસ્તી કરવા જાય છે. એટલામાં બેગમ આવી પહોંચે છે, અને ખુર્શીદને પોતાના ઓરડામાં મોકલી આપે છે. નિરાશાથી ફફડતો નવ્વાબ બેગમ ઉપર ચીઢાઇ ચાલ્યો જાય છે.

અંક પહેલો. પ્રવેશ ૩.

બર્દવાનના સિવિલ સરજયન ડૉકટર ગુલામજીલાની કે જેઓને દસેક વર્ષ થયાં પોતાની સ્ત્રી સાથે કાંઇ ઘર સંબંધી તકરાર છે તેઓને બાંકીપુરથી બહેરામખાંનો કાગળ મળે છે, કે—" તમારી સ્ત્રી તમારી છોકરી અકબરીને મારે ત્યાં મુકી અરબસ્તાન ગઇ છે. અકબરી હવે ઉમર લાયક થવાથી તમારે અહીં આવી તેનાં લગ્ન કરી દેવાં નહીંતો

તમારી સ્રીની ઇચ્છા મુજબ હમારે તેની શાદી કરી દેવી પડશે " કાગળ વાંચી ડૅાકટર પોતાની સ્રી ઉપર વધારે ચીઢાય છે. કલકત્તાનો કબૂતર બાજ દૂલ્હા મીયાં કે જેણે શિક્ષકની નોકરી ઉપર બાંકીપુર જતાં રસ્તામાં બીમાર પડી જવાથી તેને ત્યાં ઉતારો લીધો હતો તે બાંકીપુરમાં પોતાને લાયકનું કંઇ કામકાજ હોય તો ફરમાવવા કહે છે. ડૅાકટર ગુલામ જીલાની બહેરામખાંનો કાગળ બતાવી જો પોતાનો ત્યાં આવવાનો વિચાર થશે તો તેને મળશે એમ જણાવે છે. પોતાના એડ્રેસનો કાર્ડ આપી તેને તેનું બાંકીપુરનું એડ્રેસ લખી જણાવવાનું કહી; ખાનાં માટે ઉઠે છે.

અંક પહેલો. પ્રવેશ ૪.

પટનાનો માજી વજીર અને હમણાંના બની બેઠેલા નવ્વાબને સસરો બહેરામખાં કે જે વજીરાત છોડયા પછી બાંકીપુરમાં રહે છે તે પોતાની બહેન કુલ્સૂમ સાથે ડૅાકટર ગુલામજીલાની ઉપર અકબરીની બાબતમાં લખેલા કાગળનો જવાબ ન મલવાથી તે વિષયની વાતો કરતો પ્રવેશ કરે છે. અને પારકી થાપણ અકબરી ઉમ્મરમાં આવ્યાથી તેની કોઇ સારા ખાન્દાનમાં શાદી કરી દેવાનો વિચાર કરે છે. ત્યારપછી પોતાનાં બનારસનાં કારખાનાંનો 'ધણી વિનાનાં ઢોર સૂનાં' જેવો હાલ હોવાથી કુલ્સૂમને હમીદની મુસાફરીની તૈયારી કરવા મોકલી પોતે બાહર જાય છે. બહેરામનો એકનો એક અને લાડકો બેટો હમીદ જે દિવસથી અકબરી તેના ઘરમાં આવી રહી છે તે દિવસથી તેને ચાહતાં શીખ્યો છે અકબરી પણ તેને ચાહતાં શીખી છે. તે બન્ને પ્રવેશ કરે છે. ત્યાં કુલ્સૂમ આવી હમીદને બનારસ જવાની અને અકબરીની કોઇ સાથે શાદી થવાની ખબર આપી એક દિવસની કલકત્તામાં દૂલ્હામીયાં કબૂતર બાજપર ઘેલી બનેલી કુલ્સૂમ આ નવાં જોડાંની મશ્કરી કરતી જાય છે. હમીદ બનારસ જવાની બલા કાઢવા બીમારીનો ઢોંગ કરે છે. અકબરીની બૂમ સાંભળી કુલ્સૂમ ગભરાઇને દાખલ થાય છે. અને નોકર બદ્દૂને કોઇ ડૅાકટર અથવા હકીમને બોલાવી લાવવા મોકલે છે.

અંક પેહેલો. પ્રવેશ ૫.

બેગમે પોતાને પિયર મોકલી દીધેલી .ખુર્શીદનાં બહેરામખાંએ એક શરીફ્જાદા નસીર સાથે લગ્ન કરી દીધાં છે અને તે આજે એક બચ્ચાંની મા પણ થવા પામી છે. નસીરની નોકરી બહુ અગવડવાળી હોવાથી બિચારો અઠવાડિયે એક વખત ઘેર આવે છે. અને વળી એક દિવસ રહી પાછો વીસ ગાઉને છેટે નોકરી ઉપર જાય છે. આજે પણ નસીર .ખુર્શીદની રજા લઇ નોકરી ઉપર જાય છે, તેના ગયા પછી નીચ નવ્વાબને .ખુર્શીદનો પત્તો લાગી ગયલો હોવાથી બહેરામખાં સાથે પ્રવેશ કરે છે. અને પોતાના મળતીઆઓની મદદથી બહેરામખાંને બાંધી .ખુર્શીદને તેનાં બચ્ચાં સાથે પટનામાં ઉપાડી જાય છે.

અંક પેહેલો. પ્રવેશ ૬.

કમનસીબ દૂલ્હામીયાં બે દિવસ મોડો પહોંચવાથી બાંકીપુરમાં નોકરી ન મળતાં નિરાશ થાય છે. હકીમની તલાશ કરવા નીકળેલો બદલૂ પણ કોઇ હકીમ ન મળવાથી નારાજ અને નિરાશ થાય છે. તે બન્નેનો ભેટો થતાં કમનસીબીથી અને ધંધા ધાપ્પાથી બેનસીબ થએલો દૂલ્હામીયાં બનાવટી ડૉકટર બની બદલૂ ભેગો જાય છે.

અંક પેહેલો. પ્રવેશ ૭.

એક તરફ .ખુર્શીદ ઉપરનો જૂલ્મ અને બીજી તરફ પોતાના એકના એક બેટા હમીદની બીમારીથી બેબાકળો થએલો બહેરામખાં પોતાના બેટાનાં માંદગીનાં બિછાનાં આગળ બેઠો છે. ત્યાં બદલૂ દૂલ્હા મીયાંને તેડી લાવે છે. દૂલ્હામીયાં પોતાનો ડૉકટરનો સોંગ બરાબર ભજવે છે. અને બહેરામખાં તેણે લખી આપેલી જીન્નાતી દવા મંગાવવા અંદર જાય છે. ત્યાં હમીદ પોતાનો ઢોંગ જાહેર કરે છે અને પાંચ અશરફીની લાલચ આપી એવા જીવલેણ ઇલાજો ન કરવા વિનવે છે. દૂલ્હામીયાં પણ તેની આગળ પોતાની ખરી હાલત કહી દેય છે. "ચોરને ઘેર ચોર પરોણો." એટલામાં બહેરામખાંને આવતો જોઇ હમીદ પાછો બનાવટી બીમાર બની જાય છે. અને હમણાં સૂધીના બનાવટી ડૉકટર વળી મેસમેરાઇઝર બની જાય છે. ઘોટાળાપર ઘોટાળો દૂલ્હામીયાંની દશા

વરસ પહેલાંની માશુક કુલ્સુમ ભત્રીજાની ખબર લેવા આવે છે અને દુલ્હામીયાંને જોઇ ચોંકે છે. દૂલ્હામીયાં પણ ગભરાઇ જાય છે પણ બુખત સાચવી લઇ પોતાનાં મેસમેરિઝમનો પ્રતાપ ત્યાં પણ બતાવે છે.

અંક પેહેલો. પ્રવેશ ૮.

સલીમનું ઘર નિર્દોષ જોડાંની નિર્દોષ મહોબતનું ચિત્ર. સલીમને એક દાસી આવી તેના સસરા શરીફ આવ્યાની ખબર આપે છે. સલીમ તથા મામૂના જાય છે તેટલામાં મામૂનાની માશીઆઇ બહેન ચમેલી કે જે નાહર સાથે રહેલા અઝીઝને જોઇ મોહિત થઇ છે તે પ્રેમનાં ઘેલાં કાઢતી પ્રવેશ કરે છે. એટલામાં મામૂનાને આવતી જોઇ ચુપ થઇ જાય છે. અને નાહરે નવ્વાબનો ખજાનો લૂટ્યાની ખબર તથા તેણે એક ગરીબ બુઢીયાંને કરેલી પૈસાની મદદની વાત કહી સંભળાવે છે પણ પોતાના ચિત્તચોર અઝીઝને તો પોતાનાજ ચિત્તમાં છુપાવી તેની વાત ખાઇ જાય છે. અને શરીફ તથા સલીમને આવતા જોઇ ચાલી જાય છે. મામૂના છૂપાઇ જઇ તેઓની વાત સાંભળે છે. શરીફ, સલીમને નાહરનાં રેહઠાણની શોધ કરવા જવાનો સરકારી હુકમ કહી સંભળાવી જાય છે. મામૂના કે જે નવ્વાબની બદદિયાનતી ખુર્શીદથી જાણી ચુકી છે. તે જાહેર થઇ સલીમને એકલો ન જવા દેવા માટે હઠ લઇ તેઓનું કપટ સમજાવે છે પણ ભોળો અને વફાદાર સલીમ તેની વાત ન માનતાં જાય છે.

અંક પેહેલો. પ્રવેશ ૯.

હમણાં બે ત્રણ દિવસ થયા તેહખાના (ભોંયરા)માં દીવો બળે છે તેથી અજાયબીમાં ગરક થએલી બે દાસીઓ ગુપચુપ વાત કરતી ઝરોખામાંથી તેહખાનાનાં જાળીઆં વાટે શું છે તે જૂવે છે. એટલામાં મામૂના ત્યાં આવી ચઢે છે અને તે ત્રણે જણી તેહખાનામાં શું છે તે જોવા તેહખાનામાં જાય છે.

અંક પહેલો. પ્રવેશ ૧૦.

ખુર્શીદને તેના ધણીને ત્યાંથી લાવી મહેલ નીચેનાં ભોંયરામાં કેદ કરી છે. પેટને માટે નવ્વાબના ફરમાનપર હાંજી હાં કરતી પણ ખુર્શીદનાં દુઃખથી દુઃખી થતી ભલી દાસી ડાહી ખુર્શીદને જરા આંખ મેળવવા સમજાવે છે. મમૂના તથા બે દાસીઓ છુપાઇને તેઓની વાત સાંભળે છે. એટલામાં નવ્વાબ આવી પહોંચે છે. અને ખુર્શીદને પોતાની પાપી ઇચ્છા સ્વીકારવા સમજાવે છે. ખુર્શીદ એ કરતાં લાખગણું દુઃખ પાડવા છતાં પણ તેની માગણી સ્વીકારવાની નથી એમ સાફ જણાવે છે. દુષ્ટ નવ્વાબ ચીડાઇ, શરીફ, આરિથ તથા કૈયુમને બોલાવે છે અને ખુર્શીદના બચ્ચાંના ખૂનથી કટોરો ભરાવે છે. છુપાઇને જોતી મમૂના તથા દાસીઓ ગભરાઇને ચીસ પાડે છે. ખુર્શીદ બેભાન થઇ જાય છે. આરિથ અને કૈયુમ બન્ને દાસીઓને ઠાર કરી નાખે છે પણ મમૂના પોતાના બાપ શરીફના હાથમાંથી બચી જવા પામે છે.

અંક બીજો. પ્રવેશ ૧.

સલીમનો ઘાટ ઘડવા માટે રચી રાખેલા ત્રાગડા પ્રમાણે કૈયુમ નવ્વાબજાદાને ક્યાંક છુપાવા લઇ જતો હતો તેને નાહરનાં માણસો આગળથી કરી રાખેલા વેત પ્રમાણે પકડી નાહર પાસે હાજર કરે છે. કૈયુમ નાહરને તેના ખરા સ્વરૂપમાં ઓળખે છે. અકબરના સમજાવવાથી નાહર તેને જીવતો કેદ કરે છે. આપણે પહેલા અંકમાં જોઇ ગયા તેમ ચમેલીનેજ અજીજના પ્રેમનું ઘેલું લાગ્યું છે તેમ નથી. અજીજ પણ લૂટ પાડતાં ચમેલીના સ્વરૂપમાં લૂટાઇ ગયો છે—તે પ્રેમનાં ઘેલાં કાઢે છે તેટલામાં સ્ત્રી અને બચ્ચાંના ગુમ થવાથી દીવાના બનેલા નસીરને લઇ આવવા મોકલેલાં માણસો દાખલ થાય છે. નાહર તેને ખુર્શીદ જોડે મેળવવાનું કહી તેને તથા અજીજને સાથે લઇ પટના તરફ જાય છે.

અંક બીજો. પ્રવેશ ૨.

કરી રાખેલા વેત પ્રમાણે કૈયુમને નવ્વાબજાદાને છુપાવવા મોકલી એક ભીખારીનાં બચ્ચાંનું ખૂન કરી નવ્વાબજાદાનાં કપડાં પહેરાવી શરીફ તથા આરિથ લાશ સાથે છૂપી રીતે સલીમના બાગમાં પ્રવેશ કરે છે. યુક્તિથી નવ્વાબજાદાનું ખૂન કરવાનું તોહમત મૂકી સ

લીમને કેદ કરે છે; ઢોંગી નવાબના ઢોંગ. સલીમને પકડી ગયા પછી નવાબ શરીફને તેની બેટી મામૂના કે જે તહેખાનાની ખાનગી વાતથી જાણીતી છે તેને ઠાર કરવા અથવા શીશામાં ઉતારવાનું કહી આશિશ સાથે જાય છે. શરીફ મામૂનાને નવાબની બેગમ થવા સમજાવે છે પરંતુ મામૂના તેને ધિક્કારી કાઢે છે તેથી ઠાર કરવા જાય છે તેટલામાં સલીમ ઉપરના ત્રાગડાની ખબર પડી જવાથી તેને બચાવવા આવેલો નાહર આવી પહોંચે છે અને શરીફને ઠાર કરી બેભાન થએલી મામૂના તથા ચમેલીને ઉપાડી જાય છે.

અંક બીજો. પ્રવેશ ૩.

કાઉંથી ઠગાઇ દૂલ્હામીયાંને ડાકટર ગુલામ જીલાની સમજતો બહેરામખાન અકબરીને તેના બાપ જોડે મેળવી આપવાનું વચન આપે છે. અકબરી ઘણે વર્ષે બાપનાં દીદાર જોવાના ઉમંગમાં ફૂલાતી જાય છે.

અંક બીજો. પ્રવેશ ૪.

બહેરામખાંની વિધવા બેહન કુલ્સૂમ તથા દૂલ્હામીયાંની જૂના પ્રેમની વાતચીત અને બન્નેના શાદી માટે કોલકરાર બહેરામખાંનું આવી પહોંચવું. મેસમેરિઝમ તેઓને બચાવી લેય છે.

અંક બીજો. પ્રવેશ ૫.

દુ:ખથી ઘેલાં થઇ ગએલાં ખુર્શીદ અને નસીરનો મિલાપ. નાહર અઝીઝ તથા નસીર છુપે રસ્તે ખુર્શીદનાં તહેખાનાંમાં દાખલ થાય છે. અને ખુર્શીદને છોડવી જાય છે.

અંક બીજો. પ્રવેશ ૬.

ડાકટર ગુલામ જીલાની બનેલા મીયાં દૂલ્હાની આયતા બાપ બનવાની તસવીર, હમીદનું દાખલ થવું અને વહેમાવું; અકબરી અને હમીદના લગન. ઘોટાળામાં તેજી કુલ્સૂમનું આવવું દૂલ્હામીયાંનું ગભરાવું અને અકબરી તથા હમીદનું ચાલ્યા જવું. ત્યાર પછી કુલ્સૂમ પણ

દૂલ્હામીયાંને ધિક્કાર આપી ચાલી જાય છે. હાથમાંથી છટકી જતી માલ દાર બાયડીને હવે કેમ સમજાવી ફાંદામાં લાવવી તેનો વિચાર કરતો દૂલ્હામીયાં પણ જાય છે.

અંક બીજો. પ્રવેશ ૭.

રાત વખતે નાહર તથા અઝીઝ કેદખાનામાં દાખલ થઈ સલીમને છોડાવી દીવાલ કુદી નદી માર્ગે ભાગી જાય છે. સલીમ અને નાહરની ઓળખાણ. વરસો પછી ભાઈઓનો મિલાપ.

અંક ત્રીજો. પ્રવેશ ૧.

નાહરનું રહેઠાણ ભાઈઓના મેલાપનો આનંદ. અવધના સુલ્તાન પાસે પટનાના નવ્વાબ વિરૂધ્ધ કરેલી ફર્યાદની અરજીનો જવાબ મળે છે. અને તે બાબતમાં વિચાર કરવા અકબર, નાહર, સલીમ ઇત્યાદિ જાય છે. અઝીઝ અને ચમેલીનો પહેલો મિલાપ નિર્દોષ પ્રેમનું નિર્દોષ ચિત્ર.

અંક ત્રીજો. પ્રવેશ ૨.

હમીદ અને દૂલ્હામીયાં વાતો કરતા દાખલ થાય છે. એટલામાં બદલૂ આવી કોઈ અજાણ્યાં માણસના ઘોડો ચમકવાથી પડી જવાની ખબર આપે છે. હમીદ તેને ઉપાડી લાવી પાસેના ઓરડામાં રાખવા કહે છે. દૂલ્હામીયાંની ડૉકટરીની પરીક્ષા. મેસમેરાઇઝરની મુંઝવણ અને બાંકીપુર છોડવાનો વિચાર.

અંક ત્રીજો. પ્રવેશ ૩.

પટનામાં છાવણી નાખી પડેલા અવધના સુલ્તાનની પટનાના નવ્વાબના સંબંધમાં તેના વઝીર સાથેની કેટલીક વાતો.

અંક ત્રીજો. પ્રવેશ ૪.

ધુંચળું તો ધુંચાતુંજ ચાલ્યું. અજાણ્યો માણસ ડૉકટર ગુલામ જીલાની નીકળ્યો. દુલ્હામીયાં અને ડૉકટરની ઓળખાણ. ડૉકટર પોતાને પોતાની બેટી અકબરી જોડે મેળવવા કહે છે. દુલ્હામીયાં અરબન પણ અરબસ્તાનથી આવી ગઇ છે, તેમ જણાવે છે. ડૉકટર માત્ર પોતાની બેટી અકબરીનેજ મળવાનું જણાવે છે. દુલ્હામીયાં તેને પાસેના ઓરડામાં બેસવા કહે છે. ડૉકટર જાય છે. બહેરામ આવી કોઇ બીજી પોતાની સ્ત્રી સાથે મલવા બનાવટી ડૉકટર (કબૂતર બાજ દુલ્હામીયાં) ને સમજાવે છે. કળાબાજ દુલ્હામીયાં જે ઓરડામાં ડૉકટર બેઠેલા છે તે ઓરડામાં પોતે બેસે છે એમ જણાવી તેને ત્યાં મોકલવા કહે છે અને બહેરામખાં જતાં સંતાઇ જાય છે. હવે શાંત થઇ ગયેલી ડૉકટર ગુલામ જીલાનીની સ્ત્રી અરબન જે ઓરડામાં પોતાનો ધણી બેઠો છે તે ઓરડામાં જાય છે. દુલ્હામીયાં માથેથી સાંકળ ચઢાવી દેય છે. અંતે દશ વર્ષનું વિછૂટેલું જોડું જોડાય છે. એટલામાં બહેરામખાં, કુલ્સૂમ તથા અકબરી સાથે પ્રવેશ કરે છે અને દુલ્હામીયાંને બાહેર એક લો ઉભેલો જોઇ અજબ થાય છે. રમુજી ધુંચળાની ધુંચ રમુજમાંજ ઉખડે છે. કુલ્સૂમનો વેહેમ દૂર થાય છે. દુલ્હામીયાં અને કુલ્સૂમના નિકાહ સાથે પ્રવેશ પૂરો થાય છે.

અંક ત્રીજો. પ્રવેશ ૫.

પટનાના નવાબનો ઇન્સાફ 'સચ્ચેકા બોલબાલા ઔર જુટેકા મૂંહ કાલા' નવાબને સભા સુલ્તાન નાહરને તેના બાપની ગાદી ઉપર બેસવા કહે છે. નાહર પોતાને બદલે પોતાના નાનાભાઇ સલીમને તખ્તનશીન કરવા વિનતિ કરે છે. સુલ્તાન, ગામમાં સલીમની તાજપોશીનો ડંકો વગડાવવાનો હુકમ કરી દરબાર બરખાસ્ત કરે છે.

અંક ત્રીજો. પ્રવેશ ૬.

સલીમની તાજપોશીની ક્રિયા—આનંદમાં આનંદ. અઝીજ અને ચમેલીની શાદી.

શાંતિ: શાંતિ: શાંતિ:

બનામે ખુદા.

૧.

બારી બેચું બેઈમસાલ જુલ્જલાલ લાજવાલ
નઝર પડા હરજા તુહી તુહી સબમેં મૌલા=બારી
તૂ આલમકા સરજન હાર તૂ હય કિર્દિગાર સત્તાર
પયદા કરનહાર ગફ્ફાર માલિક પરવર સબકા
સબ કુછ તુઝ કો ઈખ્તિયાર હય, મૌત હયાત
જીનો બશાર આરજો ફલક મલક તબકકા અફસર તૂ=
દારે સુબ્હો શામ તુહી આગાઝ તુહી અંજામ તુહી
રૅહમાન રૅહમાન દાયમ કાયમ રૅહમાન
તૂહી લાફાની હય તૂહી માબૂદ હય
આંખોંસે પિનહાં પર હરજા મૌજૂદ હય
તેરે કુરબાંન તેરે કુરબાન તેરે કુરબાન,
તૂ કરીમ તૂ રહીમ કાદિર કદીમ બાકી=બારી

૨.

મેરે વારકો રોકોરે- ઓકો હરતરહ ઓકો
સિરોહી યે હિલાલી- સિરોહી યે હિલાલી
હાં- મુમ્કિન નહીં પડે ખાલી
ઈન હરબોંકી જરબોંસે યાં બહે લહૂકી નદિયાં
નદિયાં હાં બહિયાં છુરિયાં ડૂબેંગી ખૂની મૌજમેં
ગો બિનૌટી પડે કટતા હય યે તેરા પૈંતરા ભૂલ જાના તન્ના=

૩.

હમને છેડા કિસ નાગનકો
છુવતહી મારે ફુંકાર—હમને

બાતનકી સબ .ફસું ગરી બાતિલ કરતી હય જરીજરી
શીશેમેં ઉતરતી નહીં પરી, સબ મંતર હય બેકાર=

૪.

હમ વારિયાં ખ઼ાહી ન ખ઼ાહી ચ્હે અશકબારિયાં
ફૂલનમાલ ગલેમેં ડાલતી કાહે ના ડાલતી કાહે ના
કંગી ચોટીસે બેજારિયાં, નાગન અભાગનકી ખ઼ારિયાં
પ્યારી અખિયનમે સિયાહી ન સુર્મા
બનકે બયરાગન બિસારિયાં
કારી કટારિયાં, અબ્રુકી આરિયાં
ખોટી કરો ન ઇન્કી ધારિયાં=

૫.

બિટિયા ધરો મન ધીર–દુઃખી ન હો મોરી પ્યારી=બિટિયા
કાહે ઘબરાવે કયું ધુલી જાવે–
દિન દિન હો દિલગીર દુઃખી ન હો=બિટિયા
દર્દો અ઼લમકી તેરે ઇસ ગ઼મકી
કરતી હું તદબીર દુઃખી ન હો=બિટિયા

૬.

જાને દે જાને દે હય યે કયા
બેકાર હય સારી તેહારી યે ધૂમ, કયસા પાપી હય જ઼માના
તૂને જાના કયા પાની પાની હો રાની
યે કયસી નાદાની ઠાની હય તૂને=
બદ ગુમાન હાય શૌહર પર હય કયસી નારી,
બાતેં .ફુજ઼ૂલહી બનાના, જીમેં કયા હય જો તૂ પીછે
પડી હય યું મેરે, રોજ઼કી રોજ઼ યેહી બલા=

૭.

કયસે કર રાખેં કવાંરી કુમરિયા
અબ નહીં બાકી બારી ઉમરિયા

તાને પે તાના મુખ પર મારેં
અપને પરાયે સારી નગરિયા=કયસે
બ્યાહ રચાયેં કાહૂસે યાકો
તો ન રહેગી નીચી નજરિયા=કયસે

૮.

કહું કાસે શરમકી હય બાત
મુશ્કિલસે કટતી હય રાત–નિગોડી
મોરી સૂની હય બગિયા માલીસે ખાલી
ફૂલે હયેં ફલ ફૂલ પાત–દઈરે મોરે
ગયા પહેલા જમાના–અબ તો નિમાના
ગદરા ગય ગોરા ગાત–મુઈ ચોલી ન અંગમે સમાત=

૯.

નાર જાકી પતિવરતા વોહી શાદ જગમેં
શાદ જગમેં વોહી આબાદ જગમેં=નાર.
નારી પતિવરતા જાકી વાકો સ્વર્ગ હય જીતેજી
લબપે હોગી ના ફરિયાદ જગમેં=નાર.
પાઈ જો કરકસા નારી જીતેજી નરક હય ભારી
સમ્પત હો સારી બરબાદ જગમેં=નાર.

૧૦.

હાય અલ્લાહ અબ કયા કરૂં તબીબ અબ તલક ન મિલા
હાય અલ્લાહ અબ કયા કરૂં નસીબ અબ તલક ન ખુલા
કહાં મરગયે તમામ, ન બના યહાંભી કામ
હાય રે તબીબ, હાય રે નસીબ, હાય રે તબીબ
વો મર્દક વો મદક વો મર્દક ઘર બુલાકે સર ફિરાયેં
ચલેં બાબા કદમ કદમ અદમ વદમસે ઢૂંઢ લાયેં=
અબ તો દોજખકે સિવા જાઈયે ફિલફૌર કહાં
કીજે પરદેસમેં જાકર ગિલયે ઔર કહાં=

વો ગુનાહગાર ગયે હોંગે ભલા ઔર કહાં
ઢૂંઢિયે રયન બસેરે કે લિયે ઠોર કહાં—વો મદંક.

૧૧.

પ્યારી પ્યારી હારે મોરે સાજના તેહારી છટા કયા પ્યારી પ્યારી લાગે,
અરસત પરસતહું મન હરસે, ફિરભી દરશન કો મન તરસે
છયા લલચાયે મોરે સાજના તેહારી છટા કયા પ્યારી

ઉન્કે અંદાજપે કુરબાંન ખુશ અંદાજ હયેં વ્હો
ઉન્કે કદમોંપે ફિદા હમદમોદમસાજ હયેં વ્હો
માલો જર હુસ્નો જવાનીપે મુઝે નાજ નહી
જીન્કે દામનસે લગીહું સબબે નાજ હયેં વ્હો=અરસત

૧૨.

સાંવલ બાંકેરે નજર મોરી આ ગયે,
ના કછુ કહ ગયે ના કછુ સુન ગયે
મોહે બારી ઉમરિયામેં રોગ લગા ગયે
કયા ખબરથી કે કોઈ તીરે અદા હોતા હય
દેખ લેનાભી હસીનોંકા બલા હોતા હય
મીઠા મીઠાસા યહાં દર્દ જરા હોતા હય
જબ મયઁ તનહાઈમેં હોતીહૂં સિવા હોતા હય
કિસસે પૂછૂં કે મેરે દિલમેં યહ કયા હોતા હય

૧૩.

દેખી સૂરત તિહારી સિપહિયા
સુધ ન રહી મોહે તનકીરે=
નયન મિલાવત ચયન બિસર ગયો
જાદૂભરી થી નજર તોરી
બિહારકી આગ લગાઈ=સિપઈયા

જમીંપે કિસ તરહ અબ આસમાં રહે કોઈ
ગમે ખુમોશકો ક્યું કર ભલા સહે કોઈ
હવાસ બાખ્તા મૂંહપર હવાઈઆં બે ચયન
મેરા યે હાલ જો દેખે તો ક્યા કહે કોઈ

૧૪.

નાહીં જાઓ પિયરવા બિનતી કરતહું તેહારી
મોરે સૈયાં તોરે પૈયાં પરતહું જાઓ ન તનહા બનમેં
દૂર વતનસે કરત જતનસે પાપ બસો કછુ મનમેં ઈનકે=નાહીં.
કળપાના—તલપાના—ઈસ ચાલસે ઈસ જાલસે
ફિલ હાલ હય હમકો

દમબાજ હયઁ યે ગમ્માજ હય યે કુર્સૂ સાજ હયઁ યે બેઈમાન
અય જાન કરો ધ્યાન મયઁ તુમપરસે કુરબાંન

૧૫.

આલી, સુરંગ હજારા પલના, પ્યારા પલના ઝુલાવે લલના
જો આઁખોં ઝપકાઈયાં બધાઈયાં=
પડી રંગી રેશમકી ડોરિયાં, આરી આરી સખા દેવે લોરિયાં
અનોખા પિંગુડા હિલાઈયાં
ધીમી ચાલસે મીઠી મીઠી નીંદીકી બાહાર દે
ઝપકે હયઁ અબકે અભી નયનરી પઈયાં પડૂં
લગજાયેં મોરે લાલકે લોચના
બગવા ગોકે ના યે સોચના પઈયાં પડૂં લગજાયે=

૧૬.

છુરી કટારી ખદંગો પયકાં યે તેગ જૌહરદાર,
સિનાનો તીરો કમાનો તરકશ યહી હયઁ સચ્ચે યાર.
સિપર હય પુશ્તેપનાહ હરદમ તબર બિરાદર વાર,
મદદગાર સરબસર નિગેહબાં કમરબંધે હથિયાર=

મઝે મઝેસે લહૂ પીયોં ખૂની ખૂંખારોંકે,
ગલે કટેંગે બડે બડે પાજી નાહન્જારોંકે.
મઝે મઝેસે લહૂ પીયોં ખૂની ખૂંખારોંકે,
અબ દિન આયા કાટ છાંટકા=

૧૭.

નયનનમેં ફિરત જોબનકા રંગ
ચીનીકી પુતલી તોરે ઢંગ =
ખટક કરન હાય કાહે અટક રહે
નયન નયનકે સંગ =

૧૮.

અજબ શાનસે શાને ખુદાઈ
હમકો હય નઝર આઈ =
આવનકી નહીં આસથી જીનકે વ્હો ઘર આયે આપસે
યહાં ડૅાકટર કયા આયે હયઁ કુઁવા આયા પ્યાસેકે પાસ

૧૯.

દેખુંગી પ્યારે અબ્બાકા મુખડા
પ્યારા પ્યારા, પ્યારા પ્યારા, પ્યારારી=
ભૂલે હુવેથે હમેં અબતક દિલસે
દિલસે જાયગા સારા સારા, સારારી—
એક મુદ્દતકા દુઃખડા=
રખ્ખેગા ઉલ્ફત બહમ અબ સબ કુન્બા
કુન્બા ફિરતાથા મારા મારા, મારારી—
દિલ ઉખડાહી ઉખડા=

૨૦.

આહાહા ન ખુલા ન ખુલા ઝાંસા મતલબકા ઢબકા
પાંસા યે સીધા તકદીરસે પડા

આહાહા ઉલટા સુલટા ચકમા થા દુબલા પતલા પઠ્ઠા
પર ખ઼ાસા તક઼દીરસે લડ઼ા
આંખેં લડાઉં દિલદારસે પૈસે ઉડ઼ાઉં બીમારસે
પાંચો હયઁ ધીમેં શાને ખ઼ુદા હય પાનીપે આઇ બાલાઇ હય=

૨૧.

બાંધા હો સેહરા કભી જાની તો હમ મૂંહ ન દિખાયઁ
હાથોં હો મેંહદી રચી જાની તો હમ હાથ કટાયઁ
ગુજ઼રે નૌ દસેક સાલ, હય અભી વોહી ખ઼િયાલ
હાં—યાદે સનમ કમ હો જીસે કયા મજાલ=
પ્યારી તેરા રૂખ઼ે પુરનૂર કભી ન આંખોંસે હુવા દૂર
બાર બાર ઇસ ઉલ્ફ઼તકી, તહે દિલસે હું મશકૂર=

૨૨.

હોગી નગર બદનામી લંગર હટ મત કરના
ચારી ચકોરીસે હઁસનાં હઁસાના
ઇસમેં હય એક ખટકા ન મોરી દુરગત કરના =
મુઝસે ન હોગી અયસી ઢિટાઇ
વોભી ખુલ્લમ ખુલ્લા કિસીસે ઉલ્ફ઼ત કરના =

૨૩.

કટી જ઼િન્દગાની ગઇ નૌજવાની ગલે જંજાલ ન ડાલ
અભી હય અય જાની વહી આનાકાની કરો મંજ઼ૂર વિસાલ=
વાઅદે વઇદ કહાંકે ક઼ૌલ દીજે શાદીકા શાદી કરેં
વારી મયઁ દૂલહામીયાંકે હો શાદ શાદ શાદ
ક઼ૌલે ઇજાબો કુબૂલ મિલા જીગરમેં હો રહી હય સનનનનન
જાતા રહા તેરે દિલકા ગિલા. ગલે મિલો ખ઼ુશી ખ઼ુશી =

૨૪.

મિલી પ્યારી બેટી તુ મુઝે નૂરે નિગાહ તુઝે કરલું મયઁ જી ભર કે પ્યાર
દુલારી મેરી કરલું મયઁ જી ભરકે પ્યાર—

યે થા અરમાન દેખુ અપને અબ્બા જાનકી સૂરત
ખડી હય સામને આંખોંકે કયા અર્માનકી સૂરત
મયઁભી નૌશાહ બનુંગા, અચ્છે ઘોડે ચઢુંગા
તુઝકો બનાઉંગા શહબાલા, બેટા તુઝકો.
{ (હય હય અબ્બા કયા આપ અમ્માકે હોતે શાદી કરેંગે!)
{ (ઘોટાલા નંબર ફોર)
ચૂકા બયાનમેં, બેટા થા ધ્યાનમેં.
તબ તો હય ઠીક અબ્બા—મિલી પ્યારી

૨૫.

સુન અય દુખ્તે અંગૂર દિખા દે નૂર હયા કર દૂર
નશેમેં ચૂર રહેં મખ્મૂર
બાંકી કલાલી ભરભરકે પ્યાલી શીશા કર ખ઼ાલી
રહે આંખોંમેં લાલી ગુમે બેએતદાલી કા કૂર=
કાકકા ઘૂંગટ હટાદે આતશી રૂખ઼સારસે
દમ મેરા રૂકતા હય ઈસ બિલ્લૂરકી દીવારસે
જી નહીં ભરતા હય અયસી લુઝ્જતે દીદારસે
આકે બેપરદા લિપટ જા સીનયે મયખ઼ારસે=

૨૬.

પાપી પપીહા જારે જારે નાકારે કારે કારે =
પીપીકી બોલી ના બોલ બોલી ગોલીસી લાગે
જાગે મયન બયનસે જાજી =
જાનત માનત નાહીં દુ:ખ કાહૂકા
કૂકોંને હૂકોંને ભાલે સંભાલે હયઁ છાતીમેં છેદ કિયે
પિયા બિના જીયા ડરે તેરી ધુન ધીર હરે તન અગન લગે
કાહે સતાવે દુ:ખિયારી હું બેચારી આહોજારીકી હય બારી
હાય સૈયાંકો આને દે તાને પે તાને દેરેજાજી =

૨૭.

કાનન સુની જાત
સૈયાંને ભુલાઈ દૌરી દૌરીરે=
સુધ બુધ આઈ લાઈ કહાંસે
માન બાત મારે જિયાકી=
અત સુખદાઈ બાઈ જહાંમે
આન બાન મોહે પિયાકી=

૨૮.

ચલા જારે બેદર્દી સિપહિયા હરજૈયા. વાહિયા
તોરે સંગ નાહીં બોલતી—
ગરજૈયા દુખદઈયા–હરજઈયા–વાહિયા=તોરે સંગ
માનો માનો માનોજી માનો,
વાઅદા હમારા ઝૂટા ન જાનો
આંખોસે આતા મોકા જો પાતા પ્યારીકો મયઁ અપની
ગરવા લગાતા=

૨૯.

બારે બાલમવા પ્યારે સાજનવા
તોરા દામનવા ચાહે જમાના—છુડાના મયઁ માનું નાહી
કોઈ તોહે બોલે મતવારી નાકારી તો પ્યારી
મયઁ માનું નાહીં, લાખ મનાયે કોઈ, મોકો રિઝાકે,
દેખું ન કાહુકો મયઁ આંખ ઉઠાકે—
કામનિયાંરે મેરા દમ યૂં ના ભરો
સાજનવારે શર્મિન્દા યૂં ના કરો—
મામૂના મુઝસે મિલનેકો બરજે તો ફિર કયા કરો
= મયઁ માનું નાહીં

૩૦.

યે ન બતીયાં મોસે હાં બનાના
નિહારવા દીઠ લેગરવા નિપટ નડરવા

પકડ ડગરવાઆ જાઆઆઆજા = ન બતીયાં
જારે અરે છલીયા ન પડ઼ મોરે ગરવા
માન લે મોરી રાહ લે તોરી
દેખ બનના આઆ નિડરવા=

૩૧.

હિલકર મિલકર સબ એક દિલકર હાં ગાવો મુબારકબાદ
હમભી રાજી તુમભી રાજી હોં સબ હરદમ દિલ શાદ
ઉલ્ઝન સુંલઝન સબ કુછ ગુજરી હય ચક્કરકી ફર્યાદ
શાદી ખાના આબાદીસે ગમ બર્બાદ
ધૂમ ધામસે પડ઼ેગી આજ બધાઇ, બધાઇ બધાઇ બધાઇ
ભારી ભેદકી ખૂબ હો ગઇ સફાઇ હારે હારે શિકવે સારે
આપસકે=

૩૨.

ગાએં શાદિયાના પાએ કયા જમાના
સબ મિલકર હંય ખુશ્તર દાવર તેરી હમપર મેહરબાની
હમ ગુન ગાએં તેરા સારે=
હો ખુશિયાં દિન રતિયાં જાવેદાં
દેના સબકો તૂ અય ખાલિકે યજ઼દાં
શુક્ર હય તેરા વાજિબ બેશક કાયમ જબતક
જબાં હય મૂંહમે મિલ ગયે સારે બિછડે પ્યારે=

તમામ શુદ.

નીચેના તેલ તથા શરબતો માટે બનારસના પ્રદર્શનમાંથી ચાંદો મળ્યા છે.

સુગંધ
શોભા
અને
શોખ

આજે હજારોનું વેચાણ થાય છે. આજે ઘેર ઘેર વખણાયછે સુંદર અને સદગુણી બાનુઓ એનો હમેશાં ઉપયોગ કરીને ખુશી થાય છે. એ શું હશે વારુ ? નાગર તેલ, કાપસીનું તેલ, અને આંબલાનું એ તેલ છે એની સુગંધ મધુર અને મનોહર છે. એથી વાળ વધીને કાળા રેશમ સરખા મુલાયમ અને ચલકતા બને છે. મગજ અને આંખની ગરમી દૂર થઇ ઠંડક ઉપજે છે. એથી ખરતા અને સફેદ થતા વાળ અટકે છે. એથી વાળના મૂળને મજબુતી મળે છે અને વાળ તથા ટાળકાના સરવ રોગ નાશ પામે છે. નકલી માલથી સાવચેત રહેવું.

એ શીવાએ અમારે તયાં ગરમીના દિવસમાં દિલને ઠંડક ઉપજાવે તેવા શરબતો જેવાં કે ગુલાબ, અનાર, લીંબુ નારંગી વગેરે કીફાયતે મળશે. માલ ખરીદતી વખતે આવી છાપનો રજીસ્ટર ટ્રેડમારક ધીયાનમાં રાખજો.

એ. એસ. બ્રધર્સ અતરવાલા.

અબદુલરેમાન સ્ટ્રીટ મુંબઇ.

ચશમાં વાપરનારાઓને ખાસ મુફ્ત લાભ.

લંડનની જાણીતી રૉયલ વેસ્ટમીનસ્ટર અને વીએનાની આંખની હોસ્પીટલોમાં ખાસ કામ કરી આવેલા આંખના અનુભવી ડૉકટર એમ. આર. સી. એસ. ઈંગ્લંડ, એલ. આર. સી. પી. (લનડન) ની માનવંત ડીગ્રી ધરાવનારને મી૰ ફીરોજે આંખના બાતેનના દરદથી હેરાન થતા દરદીઓને મુફ્ત સારવાર અને સલાહનો ખાસ લાભ આપવાને માટે રોકયા છે. જેવો લાભ મુંબઇમાં ફ્કત હમારે ત્યાંજ મળે છે.

ફીરોઝ એમ. દસ્તુર

(તે દીનશા એમ. દસ્તુરની કંપનીના માજી ભાગયા) એ ગયા ડીસેમબર મહીનાથી ચશમાને લગતો ધંધો નીચલે નામે અને ઠેકાણે પોતે જુદો શરૂ કીધો છે:—

ફીરોઝ એમ. દસ્તુરની કું૰

ઓકયુલીસ્ટ અને આપટીશ્યન્સ.

(આંખના ડાકટરો અને ચશમા બનાવનારા)

પોસ્ટ ઓફીસની સામે, ના૰ ૭ હોરનબી રોડ, કોટ.

મી૰ ફીરોઝ "રેટીનોસ્કોપી" ની રીતથી આંખની બારીક તપાસ કરી આજ ૧૬ વરસ થયાં બંધબેસતા ચશમા ફતેહમંદી સાથ પુરા પાડવાનો ચલુ અનુભવ ધરાવે છે.

મી૰ ફીરોઝને હાઈ કોરટના નામદાર જડજો સર લૉરેનસ જેનકીનસ, આનરેબલ મી૰ જસ્ટીસ બેટી, મીસીસ બેટી, લેફ્ટનંટ કરનલ પીટરસ એમ. બી. આઇ. એમ. એસ. તરફથી અને બીજા કેટલાએક નામાંકીત ડૉકટરો અને ગ્રહસ્થો તરફથી સરટીફીકેટો મળી છે.

મી૰ ફીરોઝ ચશમાને લગતો સઘળો સામાન તેમજ ભેટ આપવા અને ઘેરમાં વાપરવા લાયક દુરબીનો, તાપ તપાસવાનાં ઠરમોમીટરસ, ઈનસાનની નકલી આંખો, આઇપ્રોટેકટરો અને મોટર ગોગલો સઉથી ઉતમ અને ઓછામાં ઓછા ભાવે પુરા પાડે છે.

મી૦ બાટલીબોયનું કોરોનેશન બેંડ.

બ્રાસ તથા સ્ટ્રીંગ.

ગયા ત્રણ વરસના અરસામાં પ્રખ્યાત વાયોનીલીસ્ટ મી૦ બરજોર બાટલીબોયે ૭૦૦ પારસી લગ્નોમાં પોતાનાં બેંડ સાથે હાજરી આપી હતી. દર મેલે વીલાયતથી ખાસ ઓરડર કરી નવા નવા મ્યુઝીક પીસીશ મી૦ બાટલીબોય મંગાવે છે. જાહેર આલમને આપેલા સંતોશ માટે જે સંખ્યાબંધ પત્રો મલ્યાં છે, તેજ આ બેંડની બીજા બેંડો ઉપરની સરસાઈની સંગીન સાબેતી છે.

આબરૂદાર પારસી કુટુંબોમાં મી૦ બાટલીબોય વાયોલીનપર ટ્યુશન આપવા રાજી છે. ૧૮૮૭ ના સાલમાં એવણે જરમની તથા ઈટલી જઈ નામાંકીત પ્રોફેસરોના હાથ હેઠળ વાયોલીન વગાડવાનો ઉંડો અભીયાસ લીધો છે, હમારૂ બેંડ મુંબઈના ભાવે બહારગામ પણ જાય છે.

બેંડ તથા ટ્યુશનના ઓરડરો માટે નીચલે ઠેકાણે મળવું યા લખવું.

બરજોરજી ભીમજી બાટલીબોય.

નાનાશંકર શેઠના દેરા સામે ગ્રાંટરોડ.